VETERINARY TODAY INTERNATIONAL
ISSN 2583-8288

# પશુપાલનમાં એન્ટિબાયોટિકસના ઉપયોગનું સંચાલન: વન હેલ્થ માટેની પહેલ

ડો. કે. જે. પટેલ, ડો. જે. આર. ડામોર, ડો. એમ. જે. પટેલ

DOI:10.5281/Vettoday.17712817

આજકાલ એન્ટિબાયોટિક દવાઓનો ઉપયોગ મનુષ્ય અને પશુ આરોગ્યમાં ખૂબ સામાન્ય રીતે જોવા મળે છે. ખાસ કરીને પશુપાલન વ્યવસાયમાં અનિયંત્રિત એન્ટિબાયોટિકસનો ઉપયોગ હાલમાં એક વૈશ્વિક ચિંતાનો વિષય બની રહ્યો છે. ગાય-ભેંસ, ઘેટાં-બકરા, ડૂક્કર, મરઘા જેવા પશુઓમાં રોગ નિયંત્રિત કરવા માટે એન્ટિબાયોટિક્સનો વ્યાપક પ્રમાણમાં ઉપયોગ થાય છે, પરંતુ આ દવાઓનો વધુ પડતો અને અયોગ્ય રીતે ઉપયોગ થવાથી બેક્ટેરિયા આ પ્રકારની દવાઓ સામે પ્રતિકારક (Resistant) બની જાય છે, આ સમસ્યાને એન્ટિમાઇક્રોબિયલ રેઝિસ્ટન્સ (AMR) કહેવામાં આવે છે, જે માનવ આરોગ્ય માટે પણ એક ગંભીર બાબત છે. વન હેલ્થ અભિગમ પશુપાલનમાં એન્ટિબાયોટિક દવાઓના ઉચિત ઉપયોગનું યોગ્ય સંચાલન અને નિયંત્રણ કરવામા મદદરૂપ થાય છે, જેથી મનુષ્યો, પશુઓ અને પર્યાવરણના આરોગ્યનું રક્ષણ કરી શકાય.

## એન્ટીબાયોટિકના દુરૂપયોગની સમસ્યા:

આધુનિક પશુપાલનમાં, એન્ટીબાયોટિક્સનો ઉપયોગ માત્ર બિમાર પશુઓને ઇલાજ કરવા માટે જ નહીં, પરંતુ સ્વસ્થ પશુઓમાં રોગપ્રતિરોધકતા અને ઝડપી વિકાસ પ્રોત્સાહિત કરવા માટે પણ કરવામાં આવે છે જેથી પશુઓની ઉત્પાદનક્ષમતા વધારી શકાય, જેના પરિણામ સ્વરૂપે એન્ટીબાયોટિક-પ્રતિરોધક બેક્ટેરિયા ઉત્પન્ન થાય છે. આ પ્રતિરોધક બેક્ટેરિયા ખોરાક દ્વારા, સીધા સંપર્ક દ્વારા અથવા પર્યાવરણીય દૂષણ દ્વારા મનુષ્યોમાં ફેલાઇ શકે છે અને ગંભીર જાહેર આરોગ્ય જોખમ સર્જી શકે છે.

## એન્ટિમાઇક્રોબિયલ રેઝિસ્ટન્સ (AMR) દ્વારા થતા નુકસાન:

એન્ટીમાઇક્રોબિયલ પ્રતિરોધકતા સામાન્ય સંક્રમણોને પણ સારવાર અર્થે વધુ મુશ્કેલ અને જટિલ બનાવે છે. પશુઓમાં, પ્રતિરોધક સંક્રમણોના કારણે ઊંચો ઈલાજ ખર્ચ થાય છે જે પશુપાલકો માટે આર્થિક રીતે નુકસાનકારક છે.

**એન્ટિમાઇક્રોબિયલ રેઝિસ્ટન્સ (AMR) કેમ ખતરનાક છે?**

- રેઝિસ્ટન્ટ બેક્ટેરિયા દૂધ, માંસ અથવા ઈંડા મારફતે માનવ શરીરમાં પ્રવેશી શકે છે.
- માનવોમાં ચેપ થાય ત્યારે સામાન્ય દવાઓ અસર કરતી નથી, મોંઘી અને નવી દવાઓ ઉપયોગમાં લેવી પડે છે.
- હોસ્પિટલમાં સારવારનો સમય, ખર્ચ અને મૃત્યુદર વધી શકે છે.

**ઉકેલ – વન હેલ્થ અભિગમ**

વન હેલ્થએ એવો અભિગમ છે જેમાં માનવ, પશુ અને પર્યાવરણ ત્રણેયના આરોગ્ય પરસ્પર એકબીજા સાથે સંકળાયેલા છે. પશુપાલનમાં એન્ટીબાયોટિક્સનો ઉપયોગ નિયંત્રિત કરવો એ વૈજ્ઞાનિક રીતે સહયોગી પ્રયાસ છે, જેમાં પશુચિકિત્સકો, પશુપાલકો, ખેડૂતો અને જાહેર આરોગ્ય નિષ્ણાતો સામેલ થાય અને દવાઓનો યોગ્ય અને સુચારુ ઉપયોગ થાય તે મુજબના દિશા નિર્દેશોની અમલવારી કરાવે.

એન્ટિબાયોટિક્સના યોગ્ય સંચાલન માટે નીચે દર્શાવેલ મહત્વના મુદ્દાઓ ખાસ ધ્યાને રાખવા:

૧. **જવાબદાર ઉપયોગ**: દવા ફક્ત જરૂર હોય ત્યારે અને યોગ્ય માત્રામાં જ આપવી.

૨. **વેટરનરી માર્ગદર્શન**: દવા આપતા પહેલા પશુચિકિત્સકની સલાહ જરૂરથી લેવી.

૩. **રસીકરણ અને બાયોસિક્યોરિટી**: પશુઓને ચેપથી બચાવવા રસીકરણ કરાવવુ અને ફાર્મમાં સાફ-સફાઈ જાળવવી.

૪. **રેકોર્ડ રાખવો**: કઈ દવા, ક્યારે અને કેટલી માત્રામાં આપી તેનો રેકોર્ડ રાખવો.

૫. **ફૂડ ચેઇનમાં સલામતી**: દવા આપ્યા પછી "Withdrawal period" પૂરો થયા વગર દૂધ કે માંસ બજારમાં ન મોકલવું.

એન્ટિબાયોટિક દવાઓ અમૂલ્ય છે – પરંતુ તેનો અયોગ્ય ઉપયોગ આપણા માટે ખતરો બની શકે છે. વન હેલ્થ અભિગમ અપનાવી પશુપાલનમાં જવાબદારીપૂર્વક દવાનો ઉપયોગ કરવો એ પશુઓ, મનુષ્યો અને પર્યાવરણ ત્રણેયના આરોગ્ય માટે લાભકારી છે. વન હેલ્થ પહેલ દ્વારા, પશુચિકિત્સકો, પશુપાલકો, ખેડૂતો અને જાહેર આરોગ્ય નિષ્ણાતોની યોગ્ય ભાગીદારી અને સંકલન થકી એન્ટિમાઇક્રોબિયલ રેઝિસ્ટન્સની (AMR) સમસ્યાનું નિરાકરણ કરી અને આરોગ્યપ્રદ ભવિષ્યનું નિર્માણ કરી શકાય.